ગરીબી V/S મજબૂરી

ભરૂચમાં શિક્ષણ વિભાગના સરવેમાં 15,453 બાળકોનો સીધો સંપર્ક કરાયો, 1,497 ડ્રોપઆઉટ બાળકોને ફરી શાળામાં પ્રવેશ અપાયો, કાઉન્સેલિંગ છતાં ઘણા પરિવારો બાળકોને શાળાએ મોકલવા તૈયાર નથી

ભણતરને 'ના': ૬,૫૭૦ બાળકે અભ્યાસ છોડ્યો!

» રોજગારી માટે પરિવારો દ્વારા કરાતા સ્થળાંતરને કારણે શિક્ષણ ખોરવાયું, ૨,૨૩૯ બાળક ભણતર છોડી પરિવાર સાથે હિજરત કરી ગયા » સરકારી પ્રયાસો સામે સફળતાનો દર ઓછો: ૧૬ હજાર સામે માત્ર ૧,૪૯૭ બાળક જ પાછાં ફર્યાં » તંત્રના સઘન સરવે છતાં રી-એડમિશનની કામગીરીમાં હજુ લાંબી મજલ કાપવી બાકી

ભરૂચ: ભરૂચ જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા "મિશન બેક ટુ સ્કૂલ" અભિયાન હેઠળ એક મહત્ત્વપૂર્ણ સરવે હાથ ધરવામાં આવ્યો છે, જેમાં છેલ્લાં ત્રણ વર્ષમાં અભ્યાસ છોડી ચૂકેલાં 16,174 બાળકોની ઓળખ કરવામાં આવી છે. ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલના જણાવ્યા અનુસાર સરવે ટીમોએ 15,453 બાળકોનો સીધો સંપર્ક કર્યો છે. આ કામગીરી દરમિયાન EDS પોર્ટલ અને અર્લી વોર્નિંગ સિસ્ટમ દ્વારા 3,254 વિદ્યાર્થી ભવિષ્યમાં ડ્રોપઆઉટ થવાના જોખમ હેઠળ હોવાનું પણ સામે આવ્યું છે, જેના પગલે આ વિદ્યાર્થીઓના વાલીઓ સાથે કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવ્યું છે. તંત્રના સઘન પ્રયાસોથી અત્યાર સુધીમાં 1,497 બાળકને ફરી શાળામાં પ્રવેશ અપાવવામાં સફળતા મળી છે. સરવેની વિગતો મુજબ 2,239 બાળકો પરિવાર સાથે સ્થળાંતર કરી ગયાં છે અને 4,103 વિદ્યાર્થી ITI તથા ડિપ્લોમા જેવા ટેકનિકલ અભ્યાસક્રમોમાં જોડાયા છે, જ્યારે 6,570 બાળકો અને તેમના વાલીઓએ ભણતર ચાલુ રાખવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. શિક્ષણ વિભાગના મતે આર્થિક પરિસ્થિતિ અને ધો.10માં નિષ્ફળતા એ આ ડ્રોપઆઉટ પાછળનાં મુખ્ય કારણો છે. હવે આ બાળકોને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા સ્થાનિક એનજીઓ અને સેવાભાવી સંસ્થાઓની સક્રિય મદદ લેવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

વિદ્યાર્થીઓની આંકડાકીય માહિતી

-ઓળખાયેલા કુલ ડ્રોપઆઉટ બાળકો-16,174
-સરવે ટીમ દ્વારા સીધો સંપર્ક કરાયેલાં બાળકો-15,453
-ભવિષ્યમાં ડ્રોપઆઉટ થવાના જોખમ હેઠળના વિદ્યાર્થીઓ-3,254
-પરિવાર સાથે સ્થળાંતર કરી ગયેલાં બાળકો-2,239
-ITI અને ડિપ્લોમા જેવા ટેકનિકલ કોર્સમાં જોડાયેલા વિદ્યાર્થીઓ-4,103
-ભણતર ચાલુ રાખવાનો ઈન્કાર કરનારાં બાળકો-6,570
-ફરી શાળામાં પ્રવેશ અપાવવામાં સફળતા મળી હોય તેવાં બાળકો-1,497

બુટવાડા ગામે તબેલામાં કામ કરતા શખ્સ પર દીપડાનો હુમલો

દીપડાને બેભાન કરી સહી સલામત પાંજરામાં પૂરવામાં આવ્યો

વાલોડ: વાલોડ તાલુકાના બુટવાડા ગામના કોલી ફળિયામાં વહેલી સવારે એક કદાવર દીપડો પશુના તબેલામાં આવી ચઢતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ ફેલાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ગામના વિજયભાઇ બચુભાઈ આહીરના ઘરની પાછળ આવેલા તબેલામાં વહેલી સવારે 5 વાગ્યાના સુમારે દીપડો ઘૂસ્યો હતો. પશુઓના અવાજને કારણે લોકો જાગી જતાં દીપડાએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જે દરમિયાન તબેલામાં હાજર અરવિંદભાઇ પરમાર નામના વ્યક્તિ પર દીપડાએ હુમલો કરી તેમને ઇજાગ્રસ્ત કર્યા હતા. હુમલો કર્યા બાદ દીપડો તબેલામાં જ છુપાઈ ગયો હતો. ઘટનાની ગંભીરતા જોઈ વાલોડ વનવિભાગની ટીમ અને RCSSGના સભ્યો ઈમરાન વૈદ અને બંટી ગામીત તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા. વનવિભાગે તબેલાની ફરતે નેટનું સુરક્ષા કવચ ગોઠવી, પશુ ચિકિત્સકની હાજરીમાં દીપડાને બેભાન કરી ભારે જહેમત બાદ સહી-સલામત પાંજરે પૂર્યો હતો.

રેસ્ક્યુ બાદ દીપડાને વાલોડ નર્સરી ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ સફળ ઓપરેશન બાદ વાલોડ આર.એફ.ઓ. દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે વહેલી સવારે અને સાંજના સમયે ખેતરમાં જતી વખતે સાવધાની રાખવી, તબેલામાં લાઇટની પૂરતી વ્યવસ્થા રાખવી અને વન્યપ્રાણી દેખાય તો તેની નજીક જવાને બદલે તુરંત વનવિભાગનો સંપર્ક કરવો.

અંકલેશ્વરમાં ગટરો ઊભરાતાં ડબ્બામાં પાણી ભરી વિરોધ

સુરતી ભાગોળના લોકોએ ગટરનું પાણી પાલિકા કચેરીમાં ઠાલવ્યું

પ્રવીણ રેડૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં લાંબા સમયથી ઉભરાતી ગટરની સમસ્યાથી કંટાળેલા રહીશોએ ગુરુવારે અનોખો વિરોધ નોંધાવ્યો હતો. સ્થાનિકોએ દૂષિત ગટરનું પાણી ભરેલા ડબ્બા સીધા પાલિકા કચેરીમાં ઠાલવી તંત્ર સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો હતો.

અંકલેશ્વર નગરપાલિકાના ખાડે ગયેલા વહીવટ અને ચુંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ક્રિયતાનું વધુ એક ઉદાહરણ આ ઘટનાથી સામે આવ્યું છે. સુરતી ભાગોળ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર લાઈનો વારંવાર ઉભરાતી હોવાને કારણે માર્ગો પર ગંદું પાણી ફેલાઈ રહ્યું છે. જેના કારણે સ્થાનિકોનું રોજિંદું જીવન મુશ્કેલ બની ગયું છે.

રહીશોની અનેક રજૂઆતો છતાં સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ ન આવતાં ગુરુવારે રોષે ભરાયેલા લોકો મોટી સંખ્યામાં પાલિકા કચેરીએ ઘસી આવ્યા હતા. જ્યાં લોકોએ દૂષિત પાણી કચેરીમાં ઠાલવી વિરોધ નોંધાવ્યો હતો.

રજૂઆત દરમિયાન રહીશોએ ડ્રેનેજ વિભાગના ઈજનેરને રૂબરૂ મળી ઉગ્ર સવાલો કર્યા હતા. વિરોધ દરમિયાન લોકોએ ચીમકી આપી હતી કે આગામી દિવસોમાં ગટર લાઈનનું કાયમી સમાધાન નહીં આવે તો આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. કચેરી પરિસરમાં ગટરનું પાણી ઠાલવતાં પાલિકા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. રહીશોએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, ચુંટાયેલા નેતાઓ ચૂંટણી સમયે જ દેખાય છે, પરંતુ લોક સમસ્યાઓના નિરાકરણ પ્રત્યે ઉદાસીનતા દાખવે છે.

ફોટોગ્રાફરના 26 લાખ ખંખેરી લેડી ડોને કહ્યું: હું મરી ગઈ છું!

આણંદના મૌલિક પટેલનો માસ્ટર પ્લાન, વિઝા અને મેડિકલના નામે લૂંટ

લંડનનું સપનું અને 'ડેથ ડ્રામા': ભરૂચમાં હિતેશ વરમોરા સાથે ઠગાઈ થતાં ફરિયાદ

ભરૂચ: ભરૂચમાં સાયબર ક્રાઈમનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ફોટોગ્રાફી અને આલ્બમ ડિઝાઈનિંગનો વ્યવસાય કરતા હિતેશકુમાર વરમોરા (ઉં.વ.41) સાથે હોટલ પાર્ટનરશિપ, લંડન લઈ જવાની લાલચ અને વિઝાના બહાના હેઠળ કુલ રૂ.26,36,000ની છેતરપિંડી કરવામાં આવી છે. આ કેસમાં મુખ્ય આરોપી મૌલિક ભરતભાઈ પટેલે પોતાના મૃત્યુનું ખોટું બહાનું બનાવી ફરિયાદીને ટાળવાનો પ્રયાસ કર્યો હતો.

ફરિયાદ મુજબ 8 એપ્રિલ 2022ના રોજ હિતેશે 'Artu Raj (Lady Don)' નામના ફેસબુક એકાઉન્ટ સાથે સંપર્ક સાધ્યો હતો. બાદ વાતચીત ઈન્સ્ટાગ્રામ પર 'ladydon.12' ખાતે શરૂ થઈ હતી. આરોપીએ પોતાને હોટલ વ્યવસાય સાથે સંકળાયેલી વ્યક્તિ તરીકે ઓળખાવી અને હિતેશને પાર્ટનરશિપની લાલચ આપી હતી. આરોપીઓએ વિવિધ બહાના હેઠળ ફરિયાદી પાસેથી નાણાં મેળવવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં 'rajputjaybharatshi@okaxis' UPI ID પર 50,000 રૂપિયા જમા કરાવ્યા. ત્યારબાદ લંડન જવા માટે વિઝા, તબીબી સારવાર, અને હોટલના વ્યવસાય માટે વધુ નાણાં માંગવામાં આવ્યાં હતાં. ફરિયાદીએ 8 એપ્રિલ-2022થી 16 ડિસેમ્બર-2024 દરમિયાન કુલ 7 અલગ-અલગ UPI ID પર રકમ ટ્રાન્સફર કરી હતી.

Telegram મેસેજ અને બ્લોક જ્યારે ફરિયાદીએ પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીએ 'Aartu Raj'ના મૃત્યુની જાણ કરી હતી. Telegram એકાઉન્ટ @AartuRaj પરથી મૃત્યુનો ખોટો મેસેજ મોકલી દેવામાં આવ્યો હતો.

બાદ ફરિયાદીને તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી બ્લોક કરી દેવામાં આવ્યો હતો. આરોપી મૌલિક પટેલે '8799093579' નંબર પરથી હિતેશ વરમોરાને ધમકી આપી હતી કે પોલીસ ફરિયાદ કરશે તો પરિણામ ભોગવવું પડશે. તેઓએ સાયબર હેલ્પલાઈન (1930) પરની અરજી બાદ આ કેસ ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં મૌલિક ભરતભાઈ પટેલ (રહે.,ઓડ, તા.જિ.આણંદ) સામે ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જેની તપાસ PI આર.સી.વસાવા ચલાવી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

ઉકાઈમાં સફાઈ કામગીરીમાં એજન્સીની બેદરકારી સામે રહીશોમાં ભારે રોષ

સુરત: ઉકાઈના વર્કશોપ બજાર વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી સફાઈ કામગીરી ઠપ્પ હોવાથી સ્થાનિક રહીશોએ તંત્ર સામે મોરચો માંડ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે ગત ૪ માર્ચથી એજન્સી દ્વારા સફાઈ કરવામાં આવી નથી, માત્ર તહેવારો પર દેખાડા પૂરતી કામગીરી કરાઈ હતી. ગંદકીથી પરેશાન જાગૃત નાગરિકોએ નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત ફરિયાદ કરી રોજના ૫,૦૦૦ના દંડની જોગવાઈ મુજબ કડક વસૂલાતની માંગ કરી છે. રહીશોએ આક્રોશ વ્યક્ત કર્યો કે પ્રજાના ટેક્સના પૈસા કામચોર એજન્સીને ચૂકવવાને બદલે તેનો કરાર રદ કરવો જોઈએ. હવે જોવાનું એ રહેશે કે તંત્ર એજન્સી સામે કેવા પગલાં ભરે છે.

ભરૂચના પ્રજાપતિ સમાજ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

પ્રદીપ ગુર્જર

નેત્રંગ: ધો.10 અને 12નાં પરિણામો બાદ ભરૂચ જિલ્લા પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભોલાવ સ્થિત નારાયણ વિદ્યાવિહાર ખાતે 'કારકિર્દી માર્ગદર્શન' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ રાકેશ પ્રજાપતિએ પ્રાસંગિક ઉદબોધનમાં ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ જણાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વક્તા લોકેશ જૈને સરકારી નોકરીઓ વિશે, ધર્મેન્દ્ર સાવંતે કેરિયર સાયકોલોજી વિશે અને શૈલેષ ગોસ્વામીએ મજબૂત કારકિર્દીના સૂત્રો આપી વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓને આધુનિક AI Tools અને કારકિર્દી વિશેષાંકની પણ માહિતી આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ અને વિદ્યાર્થીઓએ આ સત્રનો લાભ લીધો હતો.

રાજપીપળામાં ગટરની ગંદકીથી રહીશો પરેશાન, રોગચાળાની ભીતિ

દીપલ સોની

રાજપીપળા: રાજપીપળાના વોર્ડ નં.4માં આવેલ દોલત બજાર, સબજેલ સામેની ગલીમાં ખુલ્લી ગટરો કચરાથી ઉભરાઈ રહી છે. ગંદકીના જામ થવાથી વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે નગરપાલિકાને વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર ઘોર નિદ્રામાં છે. જો સત્વરે સફાઈ નહીં થાય અને ગંભીર રોગચાળો ફાટી નીકળશે, તો તેનો જવાબદાર કોણ? તંત્રની બેદરકારી સામે રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આદિવાસી પરિવારો રસોઈ ગેસમાં આત્મનિર્ભર

રાજપીપળા: વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU)ની આસપાસ રહેતા 1000 જેટલા આદિવાસી પરિવારો રસોઇ ગેસની બાબતમાં આત્મનિર્ભર બની રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા 1000 આદિવાસી પરિવારોને બાયોગેસ પ્લાન્ટ મળે તે માટે કરેલી મહેનત હવે રંગ લાવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતાનગર ખાતે વર્ષ 2025ના રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ દરમિયાન જાહેર કર્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ રહેતા 1000 આદિવાસી ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. આ યોજના નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની 38 ગ્રામ પંચાયતો હેઠળ આવેલા 89 ગામોમાં અમલમાં છે. ગરુડેશ્વર તાલુકા પંચાયત દ્વારા અમલમાં મુકવામાં આવેલી આ યોજનાનું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA) દ્વારા મોનિટરિંગ થઇ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આત્મનિર્ભર ભારતના વિઝનથી પ્રેરિત આ પહેલનો હેતુ LPG અને પરંપરાગત લાકડાના ઇંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો છે. બાયોગેસ પ્લાન્ટ થકી મહિલાઓને સ્વચ્છ રસોઇ ગેસ મળે છે અને સાથે સાથે પ્લાન્ટમાંથી મળતી સ્લરીનો ખાતર તરીકે ખેતીમાં ઉપયોગ થતા વિદેશથી આયાત થતા રાસાયણિક ખાતર પરની નિર્ભરતા પણ ઓછી થાય છે.

નેત્રંગના યુવકનું ધારિયા ધોધમાં ડૂબી જવાથી મોત



નેત્રંગ: નેત્રંગ તાલુકાના ધાણીખુંટ ગામ પાસેથી પસાર થતી કરજણ નદી પર આવેલા ધારિયા ધોધ ખાતે પિકનિક મનાવવા ગયેલા ૨૧ વર્ષીય યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર નેત્રંગ પંથકમાં ભારે અરેરાટી સાથે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

નેત્રંગ-રેડિયાપાડા રોડ પર આવેલી એકતા નગર સોસાયટીમાં રહેતા અને મૂળ ઉડીગામના વતની તેજસ રાજેશભાઈ વસાવા (ઉં.વ. ૨૧) અમરેલી ખાતે જેટકો (GETCO) વિભાગમાં જુનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ રજા માણવા ઘરે આવ્યા હતા ત્યારે ૧૩મી તારીખે મિત્રો સાથે ધારિયા ધોધ ખાતે પિકનિકે ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, તેજસ નદી કિનારે કુદરતી હાજતે ગયા બાદ હાથ-પગ ધોવા જતાં અચાનક શરીરનું સંતુલન ગુમાવ્યું હતું અને ઊંડા પાણીમાં ખાબક્યા હતા. તેમણે બચાવવા માટે બૂમો પાડતાં મિત્રોએ તાત્કાલિક બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકની માતા મીરાબેન વસાવાએ નેત્રંગ પોલીસને જાણ કરી હતી. પોસ્ટમોર્ટમ બાદ ગત રાત્રિએ મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો. તા.૧૪મી તારીખે અંતિમયાત્રા નીકળી હતી.

બાઈકને ટક્કર મારીને પીધેલો ચાલક કાર સાથે નાળામાં પડ્યો

વાગરામાં CISF કંપનીના ગેટ પાસે બનેલી ઘટના, બે ઘાયલ

ભરૂચ: વાગરા નજીક CISF કંપનીના ગેટ પાસે નશાની હાલતમાં પૂરઝડપે સેન્ટ્રો ફોર વ્હીલ ચલાવતા ડ્રાઈવરે મોટરસાઈકલ સાથે અથડાવતાં યુવકને માથા, ચહેરા અને જમણા પગે ગંભીર ઈજા પહોંચી છે. સાથેના અન્ય યુવકને પણ ઈજા થઈ છે.

અંકલેશ્વરના ગડખોલ પાટિયા પાસે રહેતા રાજ તરસેમનો પુત્ર અજય (ઉં.વ.25) તેના સાથી રાહુલકુમાર કિશુનીરામ સાથે હોન્ડા હોરનેર મોટરસાઈકલ નં.(GJ16 DD9602) પર વાગરાથી વિલાયત જી.આઈ.ડી.સી. થઈ સાયખા જી.આઈ.ડી.સી.માં કામ અર્થે જઈ રહ્યો હતો. ત્યારે સામેથી આવેલી સેન્ટ્રો ફોર વ્હીલ નં.(GJ16 BG5622)ના ડ્રાઈવર કુલદીપસિંહ રાજે નશામાં અને ગફલતભરી રીતે પૂરઝડપે ગાડી હંકારી મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયંકર હતો કે અજય અને રાહુલ રોડ પર ફંગોળાઈ ગયા, જ્યારે સેન્ટ્રો નાળામાં પલટી ખાઈ ગઈ હતી. રાહદારીઓએ ડ્રાઈવર અને તેના સાથીને બહાર કાઢ્યા હતા. ડ્રાઈવર નશાની હાલતમાં જોવા મળ્યો હતો. તેઓને તેમના પુત્રના મિત્રો પાસેથી ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને વાગરા સરકારી હોસ્પિટલ અને ત્યાંથી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયાની માહિતી મળી હતી. આ અકસ્માત અંગે વાગરા પોલીસ મથકમાં સેન્ટ્રો ચાલક દેરોલના કુલદીપસિંહ રાજ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બોરીદ્રામાં વૃદ્ધાના ઘરેથી 1.70 લાખના દાગીના-રોકડા ચોરાયા

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના બોરીદ્રા ખાતે રહેતા જેકોલબેન મકવાણા એકલાં રહે છે. તેમના સંબંધીની વરસીના કાર્યક્રમમાં જવા માટે તા.10 મેના રોજ બપોરે આશરે 4 વાગ્યે તેઓએ ઘરને તાળું મારી નવસારી ગયાં હતાં. ત્યારબાદ તેઓ અંકલેશ્વર ખાતે તેમના ભાઈના દીકરા હિતેન્દ્રભાઈના ઘરે રોકાયા હતા. તા.13મી મેની સવારે તેઓને તેમના ભાડુઆત દ્વારા ઘરમાં ચોરી થયાની જાણકારી મળતાં ઘરે પહોંચી ગયા હતા, જેમાં મુખ્ય દરવાજાની લોખંડની ગ્રીલ અને દરવાજાનો નકૂચો તૂટેલો હતો. ઘરની અંદર કપડાં વેરવિખેર પડેલાં હતાં અને લોખંડની તિજોરીનો લોક તોડી નાંખવામાં આવ્યો હતો, જેમાંથી સોનાનાં બે મંગળસૂત્ર, કાનમાં પહેરવાના ઝુમર (એક જોડી), ચાંદીની ઝાંઝરી, ચાંદીના પગમાં પહેરવાના સાંકળા, સોનાની બંગડી અને આશરે પાંચ હજાર રૂપિયા રોકડા મળી 1.70 લાખની ચોરી થઈ હતી.

પ્રજા સાથે ફ્રોડ તુમડાવાડી ગામમાં યોજનાઓ માત્ર કાગળ પર: બાળકોને ભણવું છે, પણ આંગણવાડી કે શાળા જ નથી, વીજળી પણ નસીબમાં નથી

ઘર છે, પુરાવા નથી, 'આધાર' વિના નિરાધાર

મતાધિકારથી નાગરિકો વંચિત, ૧૩૦ મકાન વચ્ચે માત્ર ૮ ચૂંટણી કાર્ડ

ડેડિયાપાડા: દેશને આઝાદી મળ્યાનાં 78 વર્ષ પૂર્ણ થયા છતાં નર્મદાના ચિખદા તાલુકાના તુમડાવાડી ગામની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી છે. આપના આગેવાનોએ તાજેતરમાં આ ગામની મુલાકાત લઈને વાસ્તવિક સ્થિતિ જાહેર કરી છે.

AAPના નવનિર્માણ ચીખદાના આંબાવાડી જિલ્લા પંચાયત સભ્ય ધેમસીંગભાઈ વસાવા, ગંગાપુર તાલુકા પંચાયત સભ્ય જયદીપભાઈ વસાવા અને આગેવાન મહેશભાઈ સહિતના પ્રતિનિધિઓએ ગામની મુલાકાત લઈ ગ્રામજનોની સમસ્યાઓ સાંભળી હતી. મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે, અંદાજે 600 વસતી ધરાવતા આ ગામમાં પીવાના પાણીની કોઈ સુવિધા નથી. ગ્રામજનો કોતરડામાંથી પાણી લાવવા મજબૂર છે.

ગામ સુધી યોગ્ય રસ્તો ન હોવાથી ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ પણ પહોંચી શકતી નથી. 70થી 80 બાળકો અભ્યાસ માટે યોગ્ય હોવા છતાં શાળા નથી, જ્યારે આશરે 30 નાનાં બાળકો માટે આંગણવાડી કેન્દ્ર પણ નથી. રોજગારના અભાવે અનેક પરિવારો શહેરો તરફ પલાયન કરી ચૂક્યા છે.

સિંચાઈની સુવિધા ન હોવાથી માત્ર ચોમાસામાં ખેતી થાય છે. ગામનાં તમામ મકાનો કાચાં છે. જંગલ ખાતા દ્વારા પાકા મકાનની પરવાનગી ન હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે. ગામમાં માત્ર 71 લોકોનાં આધારકાર્ડ બન્યાં છે અને અનેક પાસે રાશનકાર્ડ-ઘરવેરાની પાવતી પણ નથી.

130 મકાન પૈકી માત્ર 8 લોકોનાં ચૂંટણી કાર્ડ છે. બાજુના દુધલીવેર ગામ માટેની AG વીજળી લાઈન આ ગામમાંથી પસાર થતી હોવા છતાં ગામમાં વીજળી નથી. ગ્રામજનોએ સૂકાં લાકડાંને લીલાં લાકડાં ઠરાવીને હેરાન કરવાની પણ ફરિયાદ કરી છે.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૧૨/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- ફાતમાબીબી સલીમ શેખ, રહે.મુ.પો.તડકેશ્વર, છેલ્લુ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ફાતમાબીબી સલીમ શેખ, રહે.મુ.પો. તડકેશ્વર, છેલ્લુ ફળિયું, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦વાળે તેઓના પુત્રી નસીમબાનુ સલીમ શેખનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નસીમબાનુ સલીમ શેખ ૨. જન્મ તારીખ: ૧૫/૧૦/૧૯૮૫ ૩. જન્મનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોકત વિગતે નસીમબાનુ સલીમ શેખના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૬/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

Milano MULTIPLEX

બારડોલી

Pati Patni Aur Woh Do
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm,10:00pm

Dharpakad-Gujarati
03:00pm, 09:30pm

Raja Shivaji - 05:30pm

Bhooth Bangla - 11:00am

Dhabkaaro-Gujarati
12:00pm, 06:00pm

Krishnavataram Part 1 - The Heart 02:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333